# નિષ્ઠાના પ્રકાર (51)

1. મારી મરજી વિના કોઈ થી તરણું નવ તોડાય એવુ માનીને જીવવુ એ નિષ્ઠા.

2. કાળ, કર્મ અને માયાનુ પ્રભુ જેટલુ ચાલવા દે એટલુ જ ચાલે એવુ માનીને જીવે એ નિષ્ઠા.

3. કોઈ પણ પ્રસંગ ઉભો થાય છે તે મારા વ્હાલાની ઈચ્છા થી જ થાય છે એવું માનવું એનું નામ નિષ્ઠા.

4. જેટલો કર્તામાં આનંદ રહે છે તેટલો જ હર્તામાં રહે એનું નામ નિષ્ઠા.

5. પોતામાં રહેલા અનંત ગુણ કે દોષનો ભાર ના રહે એનું નામ નિષ્ઠા.

6. હવે પછી નો શ્વાસ તમારે લઈને જ છે એવું માનીને જીવે એનું નામ નિષ્ઠા.

7. કોઈ પણ પ્રસંગ બને ને ભજનનો આશરો લેવાય એનું નામ નિષ્ઠા.

8. મને જે પુરુષ મળ્યા છે એ સર્વોપરી છે એવું માનીને જીવવું એનું નામ નિષ્ઠા.

9. સર્વના નિયંતા અથવા નિયામક મને જે મળ્યા છે તે જ છે એવું માનીને જીવવું તે નિષ્ઠા.

10. ભગવાન અને સંત ના અર્થે શું ના થાય એનું નામ નિષ્ઠા.

11. જે કઈ આવ્યું અને આવી રહ્યું છે અને જે આવશે આતમમાં એવું માનવું એ નિષ્ઠા.

12. ગમે તેવા દેશકાળમાં કેફ , મસ્તી કે ઉમંગ ઓછો ના થાય એનું નામ નિષ્ઠા.

13. પ્રસંગે પ્રશ્નો સામે નહીં પણ પુરુષ ની સામે જોવે એનું નામ નિષ્ઠા.

14. મને જે મળ્યા તે પુરુષ અંતર્યામી અને સર્વજ્ઞ છે અને એમની જાણ બહાર કોઈ ચીજ નથી વું માનવું એનું નામ નિષ્ઠા.

15. બીજું કોઈ રિદ્ધિ, સિદ્ધિ કે પરચા- ચમત્કાર દેખાડે તેનો ભાર ના રહે એનું નામ નિષ્ઠા.

16. મંત્ર, તંત્ર, કાળા દોરા, ગ્રહ બાધાઓ વિ, નો ભય ના રહે એનું નામ નિષ્ઠા.

17. કોઈ દેવી, દેવતા કે અવતારવાદનો ભાર ના રહે એનું નામ નિષ્ઠા.

18. જેને પતિવ્રતાની ભક્તિ હોય એનું નામ નિષ્ઠા.

19. ગમે તેવી પરિસ્થિતિ પ્રભુ નિર્માણ કરે તો બી અંતરમાં ટાઢું રહ્યા કરે એનું નામ નિષ્ઠા.

20 . પ્રભુ અખંડ હિતકારી જ મનાય કરે એનું નામ નિષ્ઠા.

21. **Total surrender without reservation** એનું નામ નિષ્ઠા.

22. ભગવાને જે વાતાવરણ સત્સંગમાં ઉભું કર્યું છે એ દિવ્ય જ છે એવું માનવું એનું નામ નિષ્ઠા.

23. અંતરથી મનાય કે ધામ, ધામી ને મુક્તો બધા દિવ્ય છે એનું નામ નિષ્ઠા.

24. ભગવાન સદા દિવ્ય સાકાર મૂર્તિ છે એનું  નામ નિષ્ઠા.

25. મેરા મુજ મેં કુછ નહીં અને **i do not exist** એવા  પ્રભાવમાં  જીવવું એનું નામ  નિષ્ઠા.

26. સહજાનંદ સિવાય બીજો  કોઈ આકાર છે જ નહિ એવું માનીને જીવવું એ નિષ્ઠા.

27. ભજન કરતી વખતે સવળા વિચારો ને ગ્રહણ કરવા અને અવળા ને ત્યાગ કરવા એનું  નામ નિષ્ઠા.

28. શુભ વિચારો તેમજ  અશુભ વિચારોનો ભાર ના રહે એનું  નામ નિષ્ઠા.

29. કેવળ તારે લઈને હૂં એ ભૂમિકામાં  જીવે અને જીવાડે એ  નિષ્ઠા.

30.  સંબંધવાળા મુક્તો સાથે સહજતાથી આત્મીય થવાય એ નિષ્ઠા.

31. એક સત્પુરુષની સાથે જ પ્રીતિ, બીજા કોઈ સાથે નહિ એનું નામ નિષ્ઠા.

32. વિધ વિધ સ્વભાવ કે પ્રકૃતિ વાળા મુકતો સાથે રહેવાનું થાય  તો પણ દિલ થી અને સહજ તા થી આનંદ સભર હૈયે રહી શકે એનું નામ નિષ્ઠા.

33. મન બુદ્ધિમા બેસે નહિ એવી  આજ્ઞા મોટા પુરુષ કરે ને સરળ વર્તાય એનું નામ નિષ્ઠા.

34. ભગવાન, ભગવદી, અને મિત્રો પાસેથી હૂંફ અને **support** ના મળે તો પણ આનંદ માં રહે અને સત્સંગ બરકરાર રાખે અને સુરુચિ ઓછી ના થાય  એનું નામ નિષ્ઠા .

35. જેમ-તેમ, જેવું-તેવું, જ્યારે-ત્યારે, જેવું-તેવું એવું સહજ વર્તે એનું નામ નિષ્ઠા.

36. ગમે તેવું વ્યસન, કુટેવ હોય કે સ્વભાવ હોય તે પ્રભુના વચને તત્કાળ મૂકી દઈએ એનું નામ નિષ્ઠા.

37. પ્રભુ ગમે તેટલી અસામર્થી નું દર્શન કરાવે છતાં મનુષ્યભાવ ના આવે એનું નામ નિષ્ઠા.

38. આંતર કે બાહ્ય પરિસ્થિતિમાં મન સ્થિર રહે અને વિભ્રાંત ના થાય એનું નામ નિષ્ઠા.

39. ૧૨ સાંધે અને ૧૩ તૂટે એવી પરીસ્થિતિ હોય તો પણ આનંદ જાય નહીં એ નિષ્ઠા.

40. જ્યારથી આ પુરુષનો સંબંધ થયો ત્યારથી જ મારું કલ્યાણ થઇ ગયું અને મારો છેલ્લો જન્મ થઇ ગયો છે એવું માનીને જીવવું એ નિષ્ઠા.

41. ભજનમાં ભગવાન અને ગુરુહરિ સિવાય બીજું કંઈ યાદ ના આવે એનું નામ નિષ્ઠા.

42. ગમે તેવી પ્રવૃત્તિ હોય કે હવે તેવા પ્રસંગો બને પણ નિરાંતે ઊંઘ આવી જાય એને નિષ્ઠા કેહવાય.

43. ભૂલે ચુકે કોઈ એક વાર પણ સ્વામીનારાયણનું નામ બોલે તો તેના સહજ દાસ થવાનું મન થાય એનું નામ નિષ્ઠા.

44. પ્રભુ ના બળે અને પ્રભુના કાયદે પ્રસંગમાંથી પસાર થાવું એનું નામ નિષ્ઠા.

45. વર્ષે ૨-૫ મુક્તોની નિષ્ઠા ના વધારી શકીએ તો આપણને નિષ્ઠા જ નથી.

46. ૩૦ મિનીટ નિર્વિકલ્પપણે ભજન થાય એ નિષ્ઠા.

47. જેવા મહારાજ અહીંયા છે તેવા ને તેવા જ અક્ષરધામમાં છે અને જેવા અક્ષરધામમાં છે તેવા એ તેવા અહી છે એવું મનાય એનું નામ નિષ્ઠા.

48. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્ત અવસ્થાના **controller**, ઈ . અ. ના પ્રેરક, પ્રકાશક એ જ છે એવું માનવું એ નિષ્ઠા.

49. સત્સંગમાં અપેક્ષા રહિતનું જીવન જીવે એનું નામ નિષ્ઠા.

50. સત્પુરુષના વચનમાં મનબુદ્ધિ પરનો વિશ્વાસ એનું નામ નિષ્ઠા.

51. હૂં અક્ષર છુ, બ્રહ્મ છુ અને સહુ નારાયણના સ્વરૂપો છે એમ માને એનું નામ નિષ્ઠા.

- **Sadhu Brahmaviharidas**